પશું સદ્ગુણ.

[illegible]

ઠા. દ. પ.

બચું સદ્‌ગુણ.

રચનાર

કા. દ. ડા.

અર્પણપત્રિકા.

મેહેરબાન ખાનબહાદુર નવરોજી પેસ્તનજી વકીલ,

સાહેબ,

આપનાં સદ્‌ગુણી ધણીઆણી બેહેસ્તનશીન બાઈ બચુંબાઈ અમદાવાદનાં સુધરેલ સ્ત્રીમંડળમાં આગેવાન હતાં તેથી, તેમજ તેમના સદ્‌ગુણની મારી જાતમાહિતી હોવાથી તેનું વર્ણન તેમના સ્મરણાર્થે કવિતામાં રચવાની મારી ઇચ્છા થઈ; તે કારણે આ નહાનું કાવ્ય રચિને, આપનો મારા ઉપર ઘણો પ્રેમ છે, તેની નિશાની દાખલ તે આપને અર્પણ કરવાને રજા લઉં છું.

દ. ડા.

૫૪૮૬

બચુંસદ્ગુણ.

(અમદાવાદનાં ખાનબહાદુર શેઠ નવરોજી પેસ્તનજી
વકીલનાં ધણીઆણી મરહુમ બાઈ
બચુંબાઈના સ્મરણાર્થે.)

૧.

પદ.

" અરે કોણ આદમી એવારે, જો જમશેદજી જેવા " એ રાગ.

સારા ગુણવાલી ગણાઈરે, બહુ જનમાં બચુંબાઈ, ટેક.
ઈસ્વી અઢારસે પીસ્તાળીશામાં, આવ્યો ભલે મે માસ,
આઠમી તારીખે અવતરિને કર્યો, આ દુનીયામાં વાસ.
સારા ગુણવાલી ૧

જાણીતાં સુરત શેહેરમાં જન્મી, બચપણમાં વખણાઈ,
તાતનું નામ તેતો મેહેરવાનજી, માતા તો જીવણબાઈ.
સારા ગુણવાલી ૨

ખાનબહાદુર નવરોજજી, શેઠ પેસ્તનજીનાં પુત્ર;
તે અમદાવાદવાસીને પરણી, સારૂં શોભ્યું ઘર સુત્ર.
સારા ગુણવાલી ૩

દેખાય દિન દિન દિલમાં દયા ઘણી, બહુ કરે પર ઉપકાર;
શાંત સ્વભાવ દિસે મન મોટું, પૂરો પતી પર પ્યાર.
સારા ગુણવાલી ૪

જેનાં કદમ થકી જશ પતીને મળ્યો, ધંધે થયા ધનવાન;
લાયક જાણી શાણી સરકારે, મોટું દીધું વળી માન.
સારા ગુણવાલી ૫

પંડિતા શ્રી રમાબાઈએ થાપ્યો, આર્ય સુમહિલા સમાજ,
આપે અધ્યક્ષ થઈ બચુંબાઈએ, કીધું તેનું શુભ કાજ.
સારા ગુણવાલી ૬

કન્યાશાળામાં થાતી પરિક્ષા, જાતાં પોતે તે ઠામ,
જોઈને જીવમાં રાજી થતાં બહુ, કન્યા કેલવણીનું કામ.
સારા ગુણવાલી ૭

ગુજરાત લેડીઝ કલબમાં ભળીને, આપે થઈ આગેવાન;
લૉર્ડ રેને લેડી રેને તે તરફથી, ઘેર તેડી દીધું માન.
સારા ગુણવાલી ૮

આવે સાહેબ સારા સરદારો, કે લેડીઓ હોય સંગ;
માન આપે બચુંબાઈ તેને બહુ, અંગે ધરીને ઉમંગ.
સારા ગુણવાલી ૯

પોતાની પુત્રિઓ પાંચને પ્રેમે, વિદ્યા ભણાવી વિશેષ;
ગાયનચિત્ર કળા શીખવી અને, દેતી ધરમ ઉપદેશ.
સારા ગુણવાલી ૧૦

પોતાની પુત્રિઓ સાથે લઈને, ઉત્તર હિંદુસ્તાન;
મૂસાફરી કરી મન સમજીને, વધ્ધવા વિશેષે જ્ઞાન.
સારા ગુણુવાલી ૧૧

સૂરતમાં મોટી આગ લાગી અને, લોક થયા લાચાર;
દાઝ તેની દિલમાંહી ધરીને, આપે થયાં ઉદાર.
સારા ગુણુવાલી ૧૨

કોઈ ગરીબ દુઃખીજન દીઠો, પોતાની કે પરનાત,
દિલમાં દયા ધરિ દુઃખ મટાડયું, જોઈ ન નાત કે જાત.
સારા ગુણુવાલી ૧૩

કોણુ જાણે જે ખુદાને ગમ્યું શું, એવી ગરીબ આધાર;
બેહેસ્તમાં તેને લીધી બોલાવી, રૂવે ઘણાં નરનાર.
સારા ગુણુવાલી ૧૪

ઈસ્વિ અઢારસેં એકાણું કેરો, આવિયો એપ્રિલ માસ;
તારીખ તો અઠાવીસમીએ તેણે, કીધો સ્વર્ગમાં વાસ.
સારા ગુણુવાલી ૧૫

જેણે કદી પણ જોઈ હશે તેનો, જીવ બળેછે જરૂર;
અરરર ! કહે ને આંખથી વરસે, આંસુ તણું અતિપૂર.
સારા ગુણુવાલી ૧૬

અંતરમાં અતિ થઈને ઉદાસી, લોક કહે લાચાર;
સો મરજો પણ સોનો ન મરશો, પ્રીત કરી પાળનાર.
સારા ગુણુવાલી ૧૭

સ્વામિને પણ અતિ સંકટ પડ્યું, જાતાં એવી ભલી જોડ;
અંગનાં તુલ્ય નહિ સુખ અંગે, હોય સગાં કદી ક્રોડ.
સારા ગુણવાલી ૧૮

મિત્રોએ પત્ર લખ્યાં તેહમાટે, દેવા દિલાસો સાર;
સદ્‌ગુણ બાઈના સંભારિ લખીયા,દિલગીરી દાખી અપાર.
સારા ગુણવાલી ૧૯

કોઈ કહે એવીતો હોય કોઈક, પ્રણિઆણિ કોઇને ધામ;
કોઈ કહે એવીતો કયાંઈ ન મળે, ઠાલો પડયો એનો ઠામ.
સારા ગુણવાલી ૨૦

દીનબાઈ અને પીરોજબાઈ, આલીબાઈ, ગુલબાઈ;
સીરીનબાઈ એ પુત્રિઓ પાંચે, આંસુ પાડે અકળાઈ.
સારા ગુણવાલી ૨૧

જે જરથોસ્તી દુઃખીજન દીસે, કરવા તેપર ઉપકાર;
ફંડ આરંભવા વિલમાં લખી, વાવ્યું પુણ્યનું બીજ તે સાર.
સારા ગુણવાલી ૨૨

તે ફંડનું તરૂ સ્નેહિ સગાંએ, વલતી વધાર્યું વિશેષ;
તે થકી તે અમદાવાદમાં વૃક્ષ, રહેશે હયાત હમેશ.
સારા ગુણવાલી ૨૩

પ્રારથના પ્રભુની કરીને સઉ, માગે પ્રભુની પાસ;
ઈશ્વર એ બચુંબાઇને આપજે, સ્વર્ગમાં સારો વાસ.
સારા ગુણવાલી ૨૪

૨.

ગરબી.

"સુણ સાહેલી, પૂરણ જરા પામ્યા મુંબઈના પારસી" એ રાગ.

ઓ બચુંબાઈ, જીવતર ધન્ય ગણાય જગતમાં તારૂં
જન સુખદાઈ, કામ કર્યું સંસારવિષે તેં સારૂં. ટેક.
સ્ત્રીકેલવણી તેં બહુ કીધી, સૈયરોને શીખામણ દીધી;
તેં લાયક કિરતી બહુ લીધી, ઓ બચુંબાઈ. ૧

જોઈ લાચારોની લાચારી, તેં દીધાં દાન દયા ધારી,
અતિ ઉદારતા ઉત્તમ તારી; ઓ બચુંબાઈ. ૨

તેં સાસુ સસરાને સેવ્યાં; તે જાણી માતપિતા જેવાં;
તેં ધરમ કરમ કીધાં એવાં, ઓ બચુંબાઈ. ૩

તેં સ્વામીની સેવા કીધી, મનની મરજી જાણી લીધી;
તેં દુઃખ સુખમાં ધીરજ દીધી; ઓ બચુંબાઈ. ૪

છે પાંચ ભલી પુત્રી તારી, તેં કેલવણી આપી સારી;
દુવા દેછે તે સૌ સંભારી; ઓ બચુંબાઈ. ૫

તું મોટી મિજલસમાં મળતી, મંડળોમાં ભલી ભાતે ભળતી,
વળિ વખાણ પામીને વળતી, ઓ બચુંબાઈ. ૬

સનમાન સુબાનુ તું કરતી, જઈ હાર હૈયે તેને ધરતી,
દિલ લોક લજાથી નહીં ડરતી, ઓ બચુંબાઈ. ૭

તને વિલાયતી જણ જાણેછે, તારા ગુણ અંતરમાં આણેછે,
વળિ વિશેષ તેહ વખાણેછે. ઓ બચુંબાઈ. ૮

અમે ભણેલી નારી બહુ ભાળી, વળી જોઈ ઝાઝાંજર વાળી
પણ તુજ સમ વિરલી નિહાળી, ઓ બચુંબાઈ. ૯

તુજ ગુણથી જાણીતા જે છે, તે સજ્જન સર્વ દુવા દેછે,
"તારૂં ભલું થજો" એમ ભાખેછે, ઓ બચુંબાઈ. ૧૦

તેં દુનિઆમાં જે દેહ ધર્યો, તે સર્વ પ્રકારે સુફળ કર્યો;
તેં ભલપણનો ભંડાર ભર્યો, ઓ બચુંબાઈ. ૧૧

તને સૌ સારી સારી કેહેશે, તારૂં નામ અમર આ સ્થળ
રેહેશે;
તને ખુદા સ્વરગમાં સુખ દેશે. ઓ બચુંબાઈ. ૧૨

૩.

"મળિયા, મળિયા, મળિયારે, ભલે આજ મિત્રો મળિયા" એ રાગ.

કરતી કરતી કરતી રે, રૂડાં કામ બચુંબાઈ કરતી;
દુખિ દેખી દયા દિલે ધરતીરે, રૂડાં કામ બચુંબાઈ
કરતી. ટેક.

મુખથી બોલતે બોલતી જ્યારે;
વાણી અમૃત જેવી ઝરતીરે. રૂડાં કામ ૧

જેવી શીખામણુ દેતી જનોને;
એમજ પોતે આચરતી રે. રૂડાં કામ ૨

લોક વખાણે કે ન વખાણે;
તે ડરથી નહીં ડરતી રે. રૂડાં કામ ૩

સ્વામીનાં મનની મરજી સાચવતી;
ઈચ્છા પ્રમાણે અનુસરતીરે. રૂડાં કામ ૪

ચોપડી વાંચતી ચિત્ત લગાડી;
સદ્‌ગુણું જોઈ સંઘરતીરે. રૂડાં કામ ૫

નારી કેલવણીનું કામ નિહાળી;
ઠીક જાણી મન ઠરતી રે. રૂડાં કામ ૬

સત્યજ બોલવું ને ચાલવું સત્યે;
ધરમ એવો મન ધરતીરે. રૂડા કામ ૭

સાંજ સવારે, ને ભોજન સમયે;
સરજન હાર સમંરતીરે. રૂડાં કામ ૮

ઉદ્યોગ અંતરમાં એને ગમતો;
ફોકટ કાંઈ ન કરતીરે. રૂડાં કામ ૯

જાણુતી જનનું જીવતર થોડું;
ભંડાર પુણ્યથી ભરતીરે. રૂડાં કામ ૧૦

માણુસ હોય જે સારૂં કે નરસું;
વાતમાં તે લેતિ વરતીરે. રૂડાં કામ ૧૧

જે મારગે જતાં લાંછન લાગે;
એ મારગે ન ઉતરતીરે. રૂડાં કામ ૧૨

૪.

લલિત છંદ.

અરર ! ઓ ! બચુંબાઈ ક્યાં ગઈ,
જરૂર તું વસી સ્વર્ગમાં જઈ;
તુજવિનાં ઘણી સૈયરો રૂએ,
ઉજડ તુલ્ય આ જગતને જુએ. ૧

નસીબ શું કહું સાસુજી તણું,
ઘડપણે પડ્યું કષ્ટ આ ઘણું;
પતિ શિરે મહા કષ્ટ આ પડ્યું,
અણુચિંતું અતી આવિને નડ્યું. ૨

દિકરિઓ રૂએ દુઃખ ઉચ્ચરે,
અરર ! આંખથી આંસુડાં ખરે;
અહહ ! હે પ્રભુ ! આ શું તેં કર્યું,
અતિ અમુલ્ય આ રત્ન તેં હર્યું. ૩

સુજન તુજને જેહ ઓળખે,
તુજ પતી ભણી પત્ર તે લખે;

દિલગીરી ઘણી તેહ દાખવે,
નહિં ઉપાય ત્યાં શું કરે હવે. ૪

તુજ મુઆ તણી વાત સાંભળે,
સ્વજન સર્વનાં કાળજાં બળે;
મધુર મૂખની વાણિ તાહરી,
કદિ નહીં જશે કાંઈ વીસરી. ૫

સમય સમયમાં તેહ સાંભરે,
તરત તાહરી તારિફો કરે.
અરર ! દૈવનો કોપરે થયો,
જગત મિત્રનો જીવ લૈ ગયો. ૬

હરખ જે હતો તે ગયો વહી,
દિન દિને દિલે દાઝરે રહી;
અરર ! ઓ બચું ! કયાં હવે મળે,
તુજવિના નહીં દુઃખ આ ટળે. ૭

અરર ! કાળ આ કયાંથિ આવિયો,
ફિકરની ઘણી ફોજ લાવિયો;
કઠણ કાળ જે ઘાવ વાગિયો,
જરૂર તે થકી કલેશ જાગિયો. ૮

સહુ અમે અહીં સ્નેહિઓ મળી,
દિલથકી દુવા દીજિએ વળી;

"પ્રભુ તને સદા સુખ આપજો,
અચળ ધામમાં થીર થાપજો." ૯

૫

ગરબી.

" થિર કરીને કોઈ આ ઠામ, રે નથિ રહેવાનું " એ રાગ.

જેનો જશ છે દેશો દેશ, જિવતી છે જાણો ;
તે કારણ ઝાઝો કલેશ, ઉરમાં શિદ આણો. ટેક.
ઈશ્વરની ઈચ્છાથી તનનો, ત્યાગ કર્યો બચુંબાઈએરે,
ધર્મ વિચારી ધીરજ ધરિએ, મનમાં શિદ મુંઝાઈએ.
જીવતી છે જાણો ૧

જનમ્યુંતેહ જરૂર જવાનું, મુકે ન કોઈને કાળરે,
અપનું કે અણ અપનું ન જુએ, ન જુએ બુઢ્ઢુંબાળ.
જીવતી છે જાણો ૨

કલેશ કર્યાથી કાંઈ વળે નહીં, દિન દિન ઉપજે દુઃખરે,
રડતાં દેખી રોવા લાગે, જાય સ્વજનનું સુખ.
જીવતી છે જાણો ૩

જનમ ધરીને જગમાં જેણે, કીધાં સારાં કામરે,
દેછે જેને દુવા ઘણાં જન, નિશ્ચળ રાખ્યું નામ.
જીવતી છે જાણો ૪

બેહસ્તમાં અંતે જઈ બેઠી, પરમેશ્વરની પાસરે,
તેને માટે તો જન કોઈએ કરવો નહિં કંકાસ.
જીવતી છે જાણો ૫

ક્યાં જનમ્યું ને ક્યાં મરિ છુટયું, લીધું ન પુન્ય લગારરે,
અતિ દિલગિરી એવાની કરીએ, અફળ ગયો અવતાર.
જીવતી છે જાણો ૬

ધન્ય પિતા ને માતા તેની, જ્યાં જનમી બચુંબાઈ રે,
સાસરિઆનું કુળ શોભાવ્યું, સૌ જાણે સરસાઈ.
જીવતી છે જાણો ૭

આંખોથી આંસુ નહિં પાડો, કરો નહીં કલપાંતરે,
આશિષ આપો સુખે સ્વર્ગમાં, સદા.વસે થઈ શાંત.
જીવતી છે જાણો ૮

૬.

રાગ. વણઝારાનો.

" વાંચા આ વાત વિવેકની, ભણનારારે " એ રાગ.

મેલી કુટુંબ તું ક્યાં ગઈ, બચુંબાઈ રે,
દુનિયામાં ધરીને દેહ, ગુણી તું ગણાઈ રે;
અધિક હતો તુજ ઉપરે, બચુંબાઈ રે,
નવરોજજી શેઠનો સ્નેહ, ગુણી તું.ગણાઈ રે. ૧

તું સુધરેલ વિચારની, બચુંબાઈ રે,
વળી પામી વખાણુ વિશેષ, ગુણી તું ગણાઈ રે;
ઉમદા ઘણાં જને ઓળખી, બચુંબાઈ રે,
થઈ વિખ્યાત દેશ વિદેશ, ગુણી તું ગણાઈ રે. ૨

જે જનનો ખપ આંહિ છે, બચુંબાઈ રે,
તેનો ખપ પરમેશ્વર પાસ, ગુણી તું ગણાઈ રે;
તેથી તેડાવી લીધી તને, બચુંબાઈ રે,
થયાં બહુ નરનારી નિરાશ, ગુણી તું ગણાઈ રે. ૩

સંભારીને તારાં નામને, બચુંબાઈ રે,
રડે ઉમદા મનુષ્ય અનેક, ગુણી તું ગણાઈ રે;
શાણા સાહેબ ને લેડીઓ, બચુંબાઈ રે,
તારો સૌએ વખાણ્યો વિવેક, ગુણી તું ગણાઈ રે. ૪

હોય સાહેલીની જ્યાં સભા, બચુંબાઈ રે,
જોતાં તુજવિના સુની જણાય, ગુણી તું ગણાઈ રે,
બાઈઓમાં તું બિરાજતી, બચુંબાઈ રે,
જેમ તારામાં ચંદ દેખાય, ગુણો તું ગણાઈ રે. ૫

મધુર વચન મુખે બોલતી, બચુંબાઈ રે,
સુણી સૌને ઉપજતો સ્નેહ, ગુણી તું ગણાઈ રે;
વાક્ય તારાં નહીં વીસરે, બચુંબાઈ રે,
કહેલાં જન આગળ જેહ, ગુણી તું ગણાઈ રે. ૬

સાંભળતી વાત સર્વની, બચ્ચુંબાઈ રે,
પણ સમજતી સાર અસાર, ગુણી તું ગણાઈ રે ;
વહેમની વાત ન માનતી, બચ્ચુંબાઈ રે,
ઠગથી ન ઠગાતી લગાર, ગુણી તું ગણાઈ રે. ૭

સદ્‌ગુણ તારા સંભારીને, બચ્ચુંબાઈ રે,
ઘણો સુધરશે મહિલાસમાજ, ગુણી તું ગણાઈ રે;
અંતરમાં ઈચ્છા રાખશે, બચ્ચુંબાઈ રે,
કર્યાં તેં તેવાં કરવાને કાજ, ગુણી તું ગણાઈ રે. ૮

પ્રારથના કરી પ્રેમથી, બચ્ચુંબાઈ રે,
જઈને માગજે પ્રભુ પાસ, ગુણી તું ગણાઈ રે ;
ભામનીઓ ભરતખંડની, બચ્ચુંબાઈ રે,
પૂરો પાંમે બુધ્ધીનો પ્રકાશ, ગુણી તું ગણાઈ રે. ૯

૭.

પદ.

" સમજ મન સમજીને લાગ સુધરવા " એ રાગ.

બહુ જશ બાંધી ગઈ બચ્ચુંબાઈ;
એતો ગણતાં ભલીજ ગણાઈ, બહુ જશ. ટેક
જેની જોતાં કયાંઈ જોડ જડે નહીં, દુનીઆમાં એવી દેખાઈ,
જેને સારા સારા જનતો સંભારે,
ગણી ગણીને ગુણ ગાઈ. બહુ જશ. ૧

મેળાપીને વળી માયાળુ મનથી, મોટા જનોમાં મનાઈ;
 પ્યારા પતીતણો પ્યાર મેળવવામાં,
  કાંઈ ન રાખી કચાઈ. બાહુ જશ. ૨

ઘાલી ઘરેણાં ઘણાં ફરવા થકી, વિદ્યામાં જાણી વડાઈ;
 સરદાર સારાંને સન્માન દેતાં,
  જૂઠી લાજે ન લજાઈ. બાહુ જશ. ૩

ક્રોધ કપટને કુસંપ કલેશને, વેગથી દીધી વિદાઈ;
 આ જન તન નાશવંત વિચારીને,
  ધરમને મારગે ધાઈ. બાહુ જશ. ૪

મંત્ર કે જંત્ર કે જાદુગરોનાં, ફંદમાંહી ન ફસાઈ;
 પુત્રની કે પરીવાર વધ્યાની,
  લાલચમાં ન લોભાઈ. બાહુ જશ. ૫

સોબત બાનુઓ શાણીની કીધી, સારી શીખી સુઘડાઈ;
 ઉત્તમ ગુણ એના સંગથી આવીને,
  જીવમાં રહિયા જડાઈ. બાહુ જશ. ૬

સુખદુઃખમાં મન છલકી ગયું નહીં, ધીરજ એવી ધરાઈ;
 એના જેવી અતિ ગંભીરતાતો,
  કોઈ થકી ન કરાઈ. બાહુ જશ. ૭

કોઈ દિવસમાં કુટુંબીની સાથે, રીસ કરી ન રીસાઈ,
 એવા એવા ગુણ અંતરમાં જેને,
  ઠીક રહેલા ઠસાઈ. બાહુ જશ. ૮

કીર્તિ જેણે આજ કામનીઓમાં, સારીથી કીધી સવાઈ,
ગામ તથા પરગામ વિશે પણ
ગીતમાં તેનો ગવાઈ. બહુ જશ. ૯

પ્રારથના પ્રભુની કરીને બહુ, હૈડાં વિષે હરખાઈ;
જન સઘળા બચુંબાઈનાં જેવી,
મન થકી માગે ભલાઈ. બહુ જશ. ૧૦

૮.

" લાભ મળ્યો તેમ તેમ થઈ લોભી, શેર લાગ્યા સંઘરવારે" એ રાગ.

આવો સખી આ શુભ અવસરમાં, લો બચુંબાઈનું નામરે;
સુશીલ સ્ત્રીનું નામ સંભારી, કરીએ રૂડાં કામરે. ટેક.
જેના સુજશ જન સર્વ વખાણે, ગુણ જેના ગણી ગાયરે;
તેને સમરીએ તો નિજમનનાં, સુફળ મનોરથ થાયરે.
આવો સખી. ૧

જેણે જગતમાં જન્મ ધરીને, કર્યાં ધરમનાં કામરે;
દુઃખી જનોનાં દુઃખ બહુ કાપ્યાં, દુર્ગુણ તજ્યા તમામરે.
આવો સખી. ૨

ખુદા ઉપર જેનું ખરે ખરૂં મન, અતિશે હતું ઉદારરે;
જર ખરચીને જરૂર જેણે, કીધા પર ઉપકારરે.
આવો સખી. ૩

જનો કહે જીવતર ધન્ય જેનું, પવિત્રતા પંકાયરે;
સદાચરણ સંભારતાં જેનું, પવિત્ર પ્રાણી થાયરે.
આવો સખી ૪

સ્વદેશનું જે શુભ ચહાનારી, નારી નિર્મળ અંગરે;
સ્ત્રીઓ તણી કેળવણી કરવા, ધરતી અધિક ઉમંગરે.
આવો સખી ૫

વને વને ચંદન તરૂ ન મળે, કમળ ન સર્વ તળાવરે;
હરેક ખાણ વિષે હીરાનો, દિસે નહીં દેખાવરે.
આવો સખી ૬

જડે ન જોતાં જેમ જગતમાં, ગુણિજન ગામો ગામરે;
જડે નહી બચુંબાઈ જેવી, નારી ઠામો ઠામરે.
આવો સખી ૭

ઘણુંજ ડાહાપણ થકી ઘડેલી, જગકર્ત્તાએ જેહરે;
પછીથિતો પોતાની પાસે, તેડાવી લીધી તેહરે.
આવો સખી ૮

૯

હીંડો.

બહુ ડાહિ બચુંબાઈ, સદ્‌ગુણી ગણાઈ.
જેની ચતુરાઈ, જન વિષે જણાઈ,
અમર રહે નામ, કામ એવું કીધું,
જઈ પ્રભુની પાસ, ચરણ શરણ લીધું; ૧

ધન્ય જન્મ ધારિ, જશ ઘણો જમાવ્યો,
વ્યર્થ દિવસ કોઈ, કદિ નહીં ગુમાવ્યો,
મધુર વચન મુખ, બોલતી બચું તે,
સુણિ વિશેષ સ્નેહ, પામતા સહુ તે. ૨

દિલ અતી ઉદાર, અતિ દયાલુ એવી,
નહિં નિહાળી ક્યાંઈ, તરૂણી અન્ય તેવી,
શાંત સુસ્વભાવ, માન પામી મોટું,
સમજી લેતિ સર્વ તે ખરૂં કે ખોટું. ૩

જાણી જિવન અલ્પ, ચિત્તમાં વિચારી,
ધર્મ કર્મ મર્મ, લેતી તરત ધારી,
વાંચતી વિશેષ, નીતિનાં લખાણો,
સતિ ચરિત્રનાંજ, મન ધરે પ્રમાણો. ૪

સારી બુદ્ધિ આપી, રીતીયો સુધારી,
ધન્ય બચુંબાઈ, બુદ્ધી સારી તારી,
લોહ કનક થાય, પાર્શસ્પર્સવાથી,
સદ્‌ગુણો પમાય, સદ્‌ગુણી મળ્યાથી, ૫

ભાગ્ય ભલાં હોય, તોજ સંગ તેવો,
આવિ મળે આપ, બાઈ બચું જેવો,
મોતિ માણી માલ, સહજમાં પમાય,
સુજન સંગ સત્ય, પ્રભુ કૃપાથી થાય. ૬

સદ્‌ગુણોથિ સુખ, દેહ માંહિં દીસે,
દુર્ગુણોથી દુઃખ, દેખિએ અતીશે,
હોય પુષ્પ છોડ, પ્રીતે સર્વ પાળે,
કંટકી જણાય, લોક તેને બાળે. ૭

સુજન બચુંબાઈ, સુખ વિશેષ પામી,
જશ લીધો ઘણોજ, રહિ કશી ન ખાંમી,
જઈ કર્યો જરૂર, સ્વર્ગમાં નિવાસ,
બુદ્ધીશાળી બાઈ, પહોંચિ પ્રભુપાસ. ૮

૧૦

રાગ પ્રભાતી અથવા ઝુલણા છંદ.

સદ્‌ગુણી સારિ અવગુણ નહિં એક પણ,
ઈશ્વરે એ બનાવેલી એવી,
શોધ કીધાથિ કોઈ સ્થળે સાંપડે,
બાઈ બીજી બચુંબાઈ જેવી. ૧

ધન્ય જે કુળ વિષે જન્મ એણે ધર્યો,
ધન્ય પતિ તેહ જેનેજ પરણી,
બેયકુળને અતી આપ ઉજળાં કર્યાં,
કીર્ત્તિ ઉત્તમ ભલી એવી કરણી. ૨

વાટમાં ઘાટમાં વાત લોકો કરે,
આપને હોય મેળાપ જેને,

હોય જે ટેક તે છેક છૂટે નહીં,
ટેક વાળી દિઠી એવિ એને. ૩

હામથી તે ભલાં કામ કરતી હતી,
ધર્મનાં કામમાં દામ દેતી;
પાળતી વચન સંસાર સંભાળતી,
ચાલતી ચિત્તમાં નિત્ય ચેતી. ૪

કોઈની સાથે કદિએ ન વાંધો પડ્યો,
સંપીને સર્વની સાથ ચાલેઃ
દીઠું દરિઆવ દિલ હોય હલકાઈ નહિ,
ક્રોધ ધરિયો નહી કોઈ કાળે. ૫

લોભનો થોભ રાખ્યાથી તે શોભતી,
ઘર વિષે મોભ જેવી મનાતી;
નારિઓની સભા સારિઓ જ્યાં મળે,
પ્યારિઓમાં મુખી તે ગણાતી. ૬

હોય જે દેશમાં નારિ સુધરેલિઓ,
થાય તે દેશનો દિવસ ચઢતો.
હોય જ્યાં અધિક જો નારિ અજ્ઞાનીતો,
દેખિએ દેશનો દિવસ પડતો. ૭

ઓ પ્રભૂ ! આ સમે થાય આ દેશમાં,
બાઈઓ સર્વ બચુંબાઈ જેવી;

માગીએ એટલું અરજ ઉચ્ચારિને,
ધારજો ઊરમાં અરજ એવી. ૮

છોટિ ઉમ્મર છતાં મોટિ અકકલ હતી,
શું કહું હું વિશેષે વખાણી ;
સ્નેહિ જન સ્નેહથી પૂછવા આવતા,
વાત તે પૂછવા જોગ્ય જાણી. ૯

વીતિયાં વર્ષ ચાળીશપર પાંચપણ,
બુદ્ધિતો જાણિએ વૃદ્ધ જેવી;
ખાન બહાદુર નવરોજજી શેઠની,
ધન્ય ધણિઆણિ બચુંબાઈ એવી. ૧૦

સુખી થજો શેઠને, પુત્રિઓ પાંચ પણ,
સુખિ થજો બાઈ બચું સ્વર્ગધામે.
સુખિ થજો શેઠના ભાઈ સકુટુંબ વળિ,
દીધિ આશીષ દલપત્ત રામે. ૧૧

BOMBAY : PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS.